**<u>સ્પે. પોક્સો કેસ નંબર–૨૯૨/૨૦૨૩</u>**

<u>આંક–૨૩ ની અરજદાર/આરોપી નં.૪– સાગરકુમાર પાહુમ મહંતો ની ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૨૭ મુજબની ડીસ્ચાર્જ અરજી તળે હુકમ.</u>

૧. આ કામે અરજદાર/આરોપી નં.૪ નાઓએ આંક–૨૩ થી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૨૭ મુજબ ડીસ્ચાર્જની અરજી આપેલ છે તેમજ તેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદાર/આરોપી વિરુદ્ધ પાંડેસરા પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નંબર– ૧૧૨૧૦૦૪૫૨૩૪૬૬૪/ ૨૦૨૩, ઈ.પી.કો. કલમ– ૩૭૦(એ)(૧)(૨), ૩૭૬(૨)(જે)(એન) તથા ઈમમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટની કલમ–૩, ૪, ૫ તથા ૭ તેમજ પોક્સો એક્ટ ૨૦૧૨ની કલમ–૩, ૪, ૮, ૧૭ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. જે ગુનાના કામે ચાર્જશીટ થઈ ગયેલ છે અને જેનો સ્પે.પોક્સો કેસ નંબર– ૨૯૨/૨૦૨૩ નો પડેલ છે.

વધુમાં તેઓએ પોતાની અરજીમાં જણાવેલ છે કે, આરોપી નં.૧ તથા આરોપી નં.૫ નાઓ અનૈતીક સ્પા ચલાવી રહ્યા હતા અને પોલીસે રેડ કરતા હાલના આરોપી નં.૪ નાઓને ગ્રાહક તરીકે ફરિયાદ તથા તપાસમાં આવેલ હોવાનુ જણાઈ આવે છે. આરોપી નં.૧ તથા ૫ સામે સંચાલકના રોલ અન્વયે તેમજ આરોપી નં.૪ નાઓ તથા અન્ય આરોપી નં.૨ થી ૪ નાઓ ગ્રાહક હોવા બાબતે ફરિયાદ નોંધવામાં આવેલ હતી. આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૨૭ હેઠળ નામદાર કોર્ટ વિવેકબુદ્ધિથી સત્તા વાપરી આરોપીને ડિસ્ચાર્જ કરી શકે છે. સમગ્ર ચાર્જશીટ જોતા આરોપી નં.૪ સામે ચાર્જ કરવા પુરતો પણ પુરાવો નથી. આરોપીને ખોટી રીતે સંડોવી દેવામાં આવે છે. આરોપી સામે કોઈ

પ્રથમદર્શનીય કેસ નથી. વધુમાં તેઓએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે આ કામે આરોપી સામે બળાત્કારની કે તસકરી કરેલાની કે શરીરસંબંધ બાંધેલાનો કોઈ પુરાવો નથી. સ્થળ પર અમારી હાજરી બાબતેનો કોઈ પુરાવો નથી. વધુમાં તેઓએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ પર આધાર રાખેલ છે.

(૧) સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા વિરુધ્ધ પ્રફુલકુમાર–૧૯૭૮ (૦) GLHEL–SC–33117.
(૨) સચીન જગદીશ જોષી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર– ૨૦૦૮(૨) GLH 596.
(૩) ઈબ્રાહીમ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત– ૨૦૦૧(૦) GLHEL–SC–205006.
(૪) નવીનચંદ્ર શાહ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત–૨૦૧૩(૨) GLH 724.
(૫) સી.બી.આઈ. વિરુધ્ધ અમરજીતસીંગ–૨૦૦૧ (૦) GLHEL–SC–202002.

૨. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી એચ.સી.તળાવીયાએ પોતાની દલીલોમાં મુખ્યત્વે પોતાની આંક–૨૩ ની અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે. વધુમાં તેઓએ દલીલ કરેલી છે કે, હાલના આરોપી નિર્દોષ છે જેને ખોટી રીતે સંડોવેલ છે. સમગ્ર ચાર્જશીટ જોતા તેની સામે લેશમાત્ર પુરાવો નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટ પોતાના ચુકાદામાં જણાવેલ છે કે ઈમમોરલ ટ્રાફિક એક્ટમાં ગ્રાહકને આરોપી તરીકે જોડવા ન જોઈએ. આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ ન હોય જેથી તેને બિનતહોમત છોડી મુકવા અને તેમની અરજી મંજૂર કરવા જણાવેલ છે.

૩. જયારે સરકાર તરફે વિ.વ.શ્રી તેજસ એ. પંચોલી દ્વારા પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે ભોગ બનનાર સગીર વયની છે. તેણીની ઉંમર અંગે ઓશીફિકેશન ટેસ્ટ કરાવેલ છે. જેમાં તેણીની ઉંમર ૧૪ થી ૧૬ વર્ષની આવેલ છે. ભોગ બનાનરનુ નિવેદન જોવામાં આવે તો પણ તેણીએ જણાવેલ છે કે ગ્રાહકોએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલ છે. હાલના અરજદાર/આરોપી સ્થળ પરથી રેડ દરમ્યાન પકડાયેલ છે. ભોગ બનનારનો પુરાવો રેકર્ડ કરવાનો બાકી છે. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો છે. જેથી તેમની ડિસ્ચાર્જ અરજી નામંજુર કરવા જણાવેલ છે.

૪. આમ, આ કામે બંને પક્ષોની રજૂઆત ધ્યાને લીધી તેમજ કેસનું રેકર્ડ ધ્યાને લીધું. આ કામના અરજદાર/આરોપી દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૭ મુજબ ડીસ્ચાર્જ અરજી આપેલ હોય, જેથી કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ રજૂ કરવામાં આવેલ છે.

***227. Discharge:***

If, upon consideration of the record of the case and the documents submitted therewith, and after hearing the submissions of the accused and the prosecution in this behalf, the Judge considers that there is not sufficient ground for proceeding against the accused, he shall discharge the accused and record his reasons for so doing.

**IPC Section - 375 Rape.-**

A man is said to commit "rape" if he :-

- (a) pernetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

- (b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or
- (c) manipulates any part of the body of a woman so as to cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or
- (d) applies his mouth to the vagina, anus, urethra of a woman or makes her to do so with him or any other person,

under the circumstances falling under any of the following seven descriptions:-

| | | |
|---|---|---|
| First. | :- | Against her will. |
| Secondly | :- | Without her consent. |
| Thirdly | :- | With her consent, when her consent, when her consent has been obtained by putting her or any person in whom she is interested, in fear of death or of hurt. |
| Fourthly | :- | With her consent, when the man knows that he is not her husband and that her consent is given because she believes that he is another man to whom she is or believes that he is another man to whom she is or believes herself to be lawfully married. |
| Fifthly | :- | With her consent when, at the time of giving such consent, by reason of unsoundness of mind or intoxication or the administration by him personally or through another of any stupefying or unwholesome substance, she is unable to understand the nature and consequences of that to which she gives consent. |
| Sixthly | :- | With or without her consent, when she is under |

| | | |
|---|---|---|
| | | eighteen years of age. |
| Seventhly | :- | When she is unable to communicate consent. |

Explanation 1:- For the purposes of this section, "vagina" Shall also include labia majora.

Explanation 2.:- Consent means an unequivocal voluntary agreement when the woman by word, gestures or any form of verbal or non-verbal communication, communicates willingness to participate in the specific sexual act:

PROVIDED that a woman who does not physically resist to the act of penetration shall not by the reason only of that fact, be regarded as consenting to the sexual activity.

Exception 1.- A medical procedure or intervention shall not constitute rape.

Exception 2.- Sexual intercourse or sexual acts by a man with his own wife, the wife not being under fifteen years of age, is not rape.

**IPC Section-90. Consent known to be given under fear or misconception.**—

A consent is not such a consent as is intended by any section of this Code, if the consent is given by a person under fear of injury, or under a misconception of fact, and if the person doing the act knows, or has reason to believe, that the consent was given in consequence of such fear or misconception;

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં આ કામે ભોગ બનનાર સગીર વયની ઉંમરની છે અને આ કામે ઈ.પી.કો. કલમ– ૩૭૬(૨)(જે)(એન) તેમજ પોક્સો એક્ટ મુજબ પણ ગુનો નોંધાયેલ છે. આ કામના અરજદાર/આરોપી નં.૪ નાઓને સ્થળ પરથી ગ્રાહક તરીકે અટક કરવામાં આવેલ છે. આ કામે ભોગ બનનારના તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજનુ નિવેદન જોવામાં આવે તો તેમાં તેણીએ જણાવેલ છે કે, 'મારી પાસે બે ગ્રાહક આવેલા અને મારી સાથે સંભોગ કરેલો.' આ કામે એફ.એસ.એલ.નો રીપોર્ટ પેન્ડીંગ છે. આ કામે ચાર્જશીટના કાગળો જોતાં તેમજ ફરિયાદીની ફરિયાદ હકીકત જોવામાં આવે તો આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવે છે. આ કામે અરજદાર/આરોપી નં.૪ દ્વારા ઉપરોકત રજૂ કરેલ ચુકાદા ઉપર આધાર રાખેલ છે, જે ધ્યાને લેતાં હાથ પરના કેસની હકીકત અને સંજોગો જુદા હોય, સદરહુ ચુકાદાઓ અરજદાર/આરોપીને મદદરૂપ થતો નથી. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૨૨૭ ની જોગવાઈ જોતાં પણ હાલના કેસમાં આરોપી સામે ચાર્જ ફરમાવવા માટે રેકર્ડ ઉપર પૂરતો પુરાવો જણાય આવે છે. આરોપી સામે કાર્યવાહી કરવા માટે પૂરતા કારણો છે. તેવા સંજોગોમાં આરોપીની આ અરજી ટકવાપાત્ર ન હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-// **<u>હુકમ</u>** //-

આ કામના અરજદાર/આરોપી નં.૪–સાગરકુમાર પાહુમ મહંતો નાઓની **આંક–૨૩** ની ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૭ અન્વયેની ડીસ્ચાર્જ (બિન તહોમત છોડી મૂકવા) ની અરજી **નામંજૂર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખઃ **૦૧ લી** માહે **એપ્રિલ,** સને **૨૦૨૪** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૦૪/૨૦૨૪.
સ્થળઃ સુરત.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
વિશેષ ન્યાયાધીશ અને
બારમા અધિક સત્ર ન્યાયાધીશ,
સુરત.